# સોમવારથી ધો. ૯ થી ૧૧ના વર્ગો શરૂ કરાશે

**મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર-કમિટીનો વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય : ૫૦ ટકા કેપેસિટી સાથે વર્ગો શરૂ કરી શકાશે-વિદ્યાર્થીઓની હાજરી મરજિયાત રહેશે : શાળામાં વર્ગખંડમાં પ્રત્યક્ષ શિક્ષણ માટે આવનારા વિદ્યાર્થીઓએ પોતાના વાલીનો સંમતિપત્રક રજુ કરવાનો રહેશે- ઓનલાઈન શિક્ષણ પ્રથા યથાવત રહેશે**

ગાંધીનગર, તા.૨૨

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છેઁ. કોર કમિટીના આ બેઠકમાં રાજયમાં કોરોના સંક્રમણની સ્થિતિ અને ઉત્તરોત્તર ઘટતા જતા કોવિડ કેસોની સંખ્યાને ધ્યાનમાં લઈ દૈનંદીની પ્રવૃત્તિઓ શાળાવર્ગો વગેરે રાબેતા મુજબ પૂર્વવત કરવા અંગે વિસ્તૃત સમીક્ષા અને ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ તદઅનુસાર સમગ્ર રાજયમાં આગામી ૨૬ તારીખ જુલાઈ ૨૦૨૧ થી શાળાઓના ધોરણ ૯ થી ૧૧ ના વર્ગો શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

આ વર્ગો ૫૦ ટકા ક્ષમતા સાથે ફરી શરૂ કરી શકાશે. એટલું જ નહિ વિદ્યાર્થીઓની હાજરી મરજિયાત રાખવામાં આવી છે. શાળા વર્ગોમાં અભ્યાસ માટે આવનારા વિદ્યાર્થીઓએ પોતાના વાલીનુંસંમતિપત્રક પણ લાવવાનું રહેશે. આ સાથે ઓનલાઈન એજ્યુકેશન સિસ્ટમ પણ યથાવત ચાલુ રાખવામાં આવશે તેવો નિર્ણય પણ મુખ્યમંત્રીશ્રીએ કોર કમિટીમાં કર્યો છે. ધોરણ ૯ થી ૧૧ ના વર્ગો આગામી ૨૬ જુલાઈ ૨૦૨૧ થી શાળાઓમાં શરૂ થાય ત્યારે કોરોના સંક્રમણ નિયંત્રણની ગાઈડલાઈન્સ- જીૅનું પાલન થાય તે પણ શિક્ષણ વિભાગે સુનિશ્ચિત કરાવવાનું રહેશે.

રાજ્ય સરકારે આ અગાઉ તારીખ ૯ જુલાઈથી ઉચ્ચત્તર માધ્યમિક ધોરણ ૧૨ના વર્ગો તેમજ ડિપ્લોમા-ડિગ્રીના કોલેજ વર્ગો ૫૦ ટકા કેપેસિટીથી શરૂ કરાવેલા છે. હવે, ધોરણ ૯ થી ૧૧ ના શાળા વર્ગો પણ ભૌતિક રીતે આગામી તારીખ ૨૬ જુલાઈથી શરૂ થશે.

કોર કમિટીના આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ઉર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ, ગૃહરાજ્ય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા તેમજ મુખ્યસચિવ શ્રી અનિલ મુકિમ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી પંકજકુમાર, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી એમ.કે.દાસ, આરોગ્યના અધિક મુખ્ય સચિવશ્રી મનોજ અગ્રવાલ અને અન્ય સચિવશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.





પ્રકૃતિએ દરેક જીવને કોઈક ને કોઈક વિશેષતા બક્ષી છે જે તેને આગવી ઓળખ પ્રદાન કરે છે. ગાંધીનગરમાં પક્ષીઓની અસંખ્ય પ્રજાતિના વસવાટનો ભંડાર ભરેલો છે અને શહેરની વનરાજીમાં દુર્લભ પક્ષીઓથી માંડીને આંગણાના વિવિધ પક્ષીઓનો કેકારવ ગુંજતો રહે છે. શહેરમાં 'દરજીડો' પણ જોવા મળે છે જે વૃક્ષોના પાંદડાને સીવીને પોતાનો કલાત્મક માળો બનાવવા માટે જાણીતું પક્ષી છે. દરજીડાના આવા જ એક માળામાં તેના બચ્ચાં ઉછરી રહ્યાં છે જેને નિહાળીને કુદરતની આ અજબ કરામત પર અચંબિત થયા વિના રહેવાતુ નથી.

# ગ્રામીણ વિસ્તારમાં પણ હવે પ્રોપર્ટી કાર્ડ અપાશે

**ગાંધીનગર તાલુકાના ૩૪ ગામોની પાયલોટ પ્રોજેક્ટ તરીકે પસંદગી : મહેસુલ, પંચાયત અને સર્વે ઓફ ઈન્ડિયા સંકલનમાં રહી ડ્રોન ટેકનોલોજીથી ગ્રામીણ નકશા તૈયાર કરી પ્રોપર્ટી કાર્ડ અપાશે**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર તાલુકાના ૩૪ ગામોને સ્વામીત્વ પ્રોજેકટના પાયલોટ પ્રોજેક્ટ તરીકે પસંદ કરવામાં આવ્યા છે. ભારત સરકારના પંચાયત રાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં મિલ્કત ધારકોને પ્રોપર્ટી કાર્ડ આપવાના હેતુથી આ પ્રોજેક્ટ રાજ્યમાં અને ગાંધીનગરમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે પસંદગી કરવામાં આવી છે.

આ અતિ મહત્વાકાંક્ષી પ્રોજેકટમાં સરકારના ત્રણ વિભાગો સંકલનમાં રહીને કામગીરી કરશે. સર્વે ઓફ ઈન્ડિયા, પંચાયત વિભાગ અને મહેસુલ વિભાગ આ કામગીરીમાં જોડાશે.

મળતી વિગતો મુજબ ગ્રામીણ વિસ્તારમાં મિલ્કતના એકીકૃત નિરાકરણ માટે આ ઉપયોગી બનશે તેમજ ગ્રામીણ નાગરિક દ્વારા નાણાંકીય સંપત્તિ તરીકે મિલ્કતનો લાભ મળશે, ગ્રામ વિકાસના આયોજન માટે સચોટ જમીન રેકર્ડ ઉપલબ્ધ થશે એટલુ જ નહિ કરની ચોક્કસ વસુલાત થશે, સરવે માળખુ અને જીઆઈએસ આધારિત નકશા તૈયાર કરવાથી જે તમામ વિભાગોના કામ માટે લાભદાયી પુરવાર થશે તેમજ મિલ્કત સંબંધી વિવાદ અને કાયદાકીય કેસો ઘટાડવાના હેતુઓ આ યોજના પાછળ છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે સર્વે ઓફ ઈન્ડિયા અને ગાંધીનગર જિલ્લાતંત્ર વચ્ચે આ કામગીરીને લઈ તાજેતરમાં એમ.ઓ.યુ.ની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે.

આ પાયલોટ પ્રોજેકટના અમલીકરણ માટે જિલ્લાકક્ષાની કલેકટરના અધ્યક્ષપદે અને રાજયકક્ષાએ એ.સી.એસ. મહેસુલના અધ્યક્ષપદે ખાસ મોનીટરીંગ કમિટીઓની પણ રચના કરવામાં આવી છે અને દર મહિને આ પ્રોજેક્ટની અમલવારી અંગેની સમીક્ષા કરવામાં આવશે.

એપ્રિલ-૨૦૨૨ સુધીમાં તાલુકાના ૩૪ ગામોમાં આ પ્રોજેક્ટ અમલી બનાવવા માટેનો રોડમેપ તૈયાર કરી દેવામાં આવશે. આ સૂત્રોએ જણાવ્યુ હતુ કે આ

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યના ૩૪ તાલુકા વિકાસ અધિકારી બદલાયા, ૮૪ને બઢતી

ગાંધીનગર, તા. ૨૨

રાજ્ય સરકારના પંચાયત વિભાગે આજે ૩૪ તાલુકા વિકાસ અધિકારીઓની બદલી કરી છે અને ૮૪ જેટલા નાયબ ચીટનીસ સંવર્ગના અધિકારીઓને તાલુકા વિકાસ અધિકારી તરીકે બઢતી આપતા હુકમો જારી કર્યા છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં નાયબ ચીટનીસ સંવર્ગમાં ફરજ બજાવતા ભાગ્યેશ શાહ, સરજુ જેઠવા, પ્રકાશભાઈ પરમાર તેમજ જગતસિંહ ઠાકોરને તાલુકા વિકાસ અધિકારી તરીકે બઢતી આપવામાં આવી છે.

ભાગ્યેશ શાહને વિકાસ કમિશનરની કચેરીમાં ચીટનીસ તરીકે, સરજુ જેઠવાને ધાનેરા તાલુકા વિકાસ અધિકારી તરીકે, પ્રકાશભાઈ પરમારને રાધનપુર તાલુકા વિકાસ અધિકારી તરીકે અને જગતસિંહ ઠાકોરને દાહોદ જિલ્લાના ફતેપુરાના તાલુકા વિકાસ અધિકારી તરીકે નિમણુંક આપવામાં આવી છે.

જિલ્લામાં કલોલ તાલુકા વિકાસ અધિકારીની જે જગ્યા ખાલી હતી તે જગ્યા પર પાટણ જિલ્લા પંચાયતમાં ફરજ બજાવતા

● અનુસંધાન પાન-૭ પર

# સતત ચોથા દિવસે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી

**જિલ્લામાં હવે ૫૦ થી ઓછા દર્દી એક્ટીવ કેસ**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આજે સતત ચોથા દિવસે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

ગ્રામ્ય વિસ્તારમાં આજે એક દર્દી રિકવર થતાં તેને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં ૯૬૫૩ લોકો અત્યાર સુધીમાં કોરોનામુક્ત થયા છે. જિલ્લામાં હાલ ૪૬ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે ૨૭ લોકો જ હોમ ક્વોરોન્ટાઈન હેઠળ છે.

● અનુસંધાન પાન-૭ પર

# મુખ્યમંત્રી વિજય રૂપાણીના શાસનના ૫ વર્ષની ઉજવણીને આખરી ઓપ અપાયો

**મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વ હેઠળ સુશાસનના પાંચ વર્ષની જન ભાગીદારીથી જન ઉપયોગી કાર્યો- સેવાઓને વધુ સઘન બનાવાશે : ફ્લેગ શીપ યોજનાઓનો પ્રજાલક્ષી વ્યાપ વધારાશે**

ગાંધીનગર, તા.૨૨

રાજયના મુખ્ય મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના દીધર્દ્રષ્ટિપૂર્ણ નેતૃત્વ હેઠળ ગુજરાતમાં અનેક જન ઉપયોગી યોજનાઓનો આરંભ થયો અને રાજયના નાગરિકોને આ યોજનાઓનો લાભ થયો છે. રાજયને મુખ્ય મંત્રીશ્રી રૂપાણીનું નેતૃત્વ મળ્યે આગામી ઓગસ્ટ માસમાં પાંચ વર્ષ પૂર્ણ થશે તેના નિમિત્તે "પાંચ વર્ષ આપણી સરકારના- સૌના સાથ, સૌના વિકાસના"પ. અંતર્ગત રાજયભરમાં વિવિધ કાર્યક્રમો થકી રાજયની અવિરત વિકાસ યાત્રાને વધુ વેગવંતી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે તેમ ગૃહ રાજય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે.

શ્રી જાડેજાએ વધુમાં જણાવ્યું કે, સૌના સાથ, સૌના વિકાસ... થકી જનભાગીદારી દ્વારા લોકોને જોડીને સુશાસનના પાંચ વર્ષ નિમિત્તે વિવિધ લોકોપયોગી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે. આ કાર્યક્રમ અંતર્ગત મુખ્ય મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળ સુશાસનના પાંચ વર્ષની જન ભાગીદારીથી જન ઉપયોગી કાર્યો- સેવાઓને વધુ સઘન બનાવાશે અને વિવિધ ફ્લેગ શીપ યોજનાઓનો વ્યાપ પણ વધારાશે. એટલુ જ નહીં, વર્તમાન કોરોનાના સંક્રમણની પરિસ્થિતિને ધ્યાને રાખીને તમામ કોવિડ પ્રોટોકોલ અને નીતિ નિયમોનું ચુસ્ત પાલન કરીને રાજયભરમાં આ વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરાશે.

"પાંચ વર્ષ આપણી સરકારના- સૌના સાથ, સૌના વિકાસના"પ. અંતર્ગત યોજાનાર આ કાર્યક્રમોની વિગતો આપતા મંત્રીશ્રી જાડેજાએ ઉમેર્યુ કે, આગામી તા. ૧લી ઓગષ્ટ રવિવારના રોજ "જ્ઞાનશક્તિ દિવસ"લક્ષ અંતર્ગત શિક્ષણને લગતા કાર્યક્રમોનું આયોજન કરી રાજયના શિક્ષણ ક્ષેત્રને વધુ શ્રેષ્ઠ બનાવવાની દિશામાં પ્રયત્નો કરાશે. તે જ રીતે બીજી ઓગષ્ટ –સોમવારે સેવા સેતુ કાર્યક્રમોના આયોજન થકી "સંવેદના દિવસ"લક્ષ અંતર્ગત વિવિધ જનહિતકારી યોજનાઓના દસ્તાવેજો નાગરિકોને સરળતાથી મળી રહે તે પ્રકારના કાર્યક્રમો કરાશે. તા. ૪થી ઓગષ્ટે રાજ્યની મહિલાઓના સન્માન તથા ઉત્કર્ષના હેતુસર મહિલાઓ સાથે સંકળાયેલા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી "નારી ગૌરવ દિવસ"લક્ષ નિમિત્તે મહિલાલક્ષી કાર્યક્રમો કરાશે. તા.૫ મી ઓગસ્ટે રાજય ભરમાં કિસાન સૂર્યોદય યોજના - સાત પગલા

● અનુસંધાન પાન-૭ પર

## કાર્યક્રમનું સ્વરૂપ

| | |
|---|---|
| તા. ૦૧ ઓગષ્ટ-૨૦૨૧ | જ્ઞાનશક્તિ દિવસ |
| તા. ૦૨ ઓગષ્ટ -૨૦૨૧ | સંવેદના દિવસ |
| તા. ૦૪ ઓગષ્ટ-૨૦૨૧ | નારી ગૌરવ દિવસ |
| તા. ૦૫ ઓગસ્ટ-૨૦૨૧ | કિસાન સન્માન દિવસ |
| તા. ૦૬ ઓગસ્ટ-૨૦૨૧ | રોજગાર દિવસ |
| તા. ૦૭ ઓગસ્ટ-૨૦૨૧ | વિકાસ દિવસ |
| તા. ૦૮ ઓગસ્ટ-૨૦૨૧ | શહેરી જન સુખાકારી દિન |
| તા. ૦૯ ઓગસ્ટ-૨૦૨૧ | વિશ્વ આદિવાસી દિવસ |

# જિલ્લામાં ગુરૂવારે વધુ ૧૨,૧૯૧નું વેક્સિનેશન



ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં કોરોના વેક્સિનેશન અભિયાનને વધુ સઘન બનાવવામાં તંત્ર સફળ રહ્યુ છે. જિલ્લામાં આજે ૧૨,૧૯૧ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

ગ્રામ્ય વિસ્તારમાં ૮૪૯૧ લોકોને તથા શહેરમાં ૩૭૦૦ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪,૫૬,૭૫૭ લોકોને વેક્સિનેશનનો પ્રથમ ડોઝ આપી દેવામાં આવ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૦ વેક્સિનેશન સાઈટો પર રસીકરણનું કામ ચાલ્યુ હતુ. ગ્રામ્ય વિસ્તારમાં ૬૦ ટકા લોકોને પ્રથમ ડોઝથી રક્ષિત કરી દેવામાં આવ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

શહેરમાં આજે ૧૦ વેક્સિનેશન સેન્ટર પર ૩૭૦૦ લોકોને આવરી લેવામાં આવ્યા છે. આ સાથે શહેરમાં પણ ૩.૫૦ લાખ જેટલા લોકોને અત્યાર સુધીમાં આવરી લેવાયા છે.

જિલ્લામાં ૧૮+ યુવાઓએ વેક્સિનેશન અભિયાનમાં વધુ સારો પ્રતિસાદ આપ્યો છે. તંત્ર હવે પોલિંગ બુથ પેટર્ન પર આ અભિયાનને વધુ સઘન બનાવશે તેમ પણ સૂત્રોએ કહ્યું છે.

# કોરોના ઘટ્યો પણ જિલ્લામાં વાહકજન્ય રોગચાળાનો ખતરો ઉભો થયો

**ગ્રામ્ય વિસ્તારમાં ૧૦ જેટલા કેસ મેલેરિયાના મળી આવ્યા છે જ્યારે શહેરમાં ૧૫ થી વધુ કેસો મળી આવ્યા છે : તંત્રએ સઘન સર્વેલન્સ તેમજ એન્ટી લારવેલની કામગીરી શરૂ પણ કરી દીધી છે**

ગાંધીનગર, તા. ૨૨

ભેજવાળુ વાતાવરણ મચ્છરોની ઉત્પત્તિ માટે સૌથી વધુ સાનુકૂળ વાતાવરણ ગણવામાં આવે છે. જિલ્લામાં હાલ આ વાતાવરણ હોવાથી જિલ્લામાં વાહકજન્ય રોગચાળાનો ભય વધવા પામ્યો છે. આ પરિસ્થિતિને તંત્રએ ગંભીરતાથી લીધી છે અને આ માટે સઘન સર્વેલન્સની સૂચનાઓ પણ આપી છે.

ગાંધીનગર શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી મેલેરિયાના કેસો શરૂ થઈ ગયા છે જ્યારે ડેન્ગ્યુના પણ ૬ થી ૭ જેટલા કેસો મળી આવ્યા છે. કોરોનાનું સંક્રમણ ઘટ્યા પછી વાહકજન્ય રોગચાળાનો ભય ઉભો થયો હોવાથી તંત્રએ આ વાતને ગંભીરતાથી લીધી છે.

મળતી વિગતો પ્રમાણે ગ્રામ્ય વિસ્તારમાં ૧૦ જેટલા કેસ મેલેરિયાના મળી આવ્યા છે જ્યારે શહેરમાં ૧૫ થી વધુ કેસો મળી આવ્યા છે. તંત્રએ સઘન સર્વેલન્સ તેમજ એન્ટી લારવેલની કામગીરી શરૂ પણ કરી દીધી છે. આ ઉપરાંત મેલેરિયા માટેના સંવેદનશીલ ગણાતા વિસ્તારોને અલગથી તારવી અને ત્યાં સર્વેલન્સ પર ખાસ ભાર મુકવામાં આવ્યો છે.

કન્સ્ટ્રકશન સાઈટ પરના શ્રમિકોનું સ્ક્રીનીંગ પણ હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યુ છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ વરસાદી પાણીથી ભરાઈ જતા ખાબોચિયાના સ્થાનો પણ ઓળખી કાઢી ત્યાં એન્ટી લારવેલની કામગીરીનું આયોજન કરી દેવામાં આવ્યું છે.

શહેર-જિલ્લામાં સર્વેલન્સનો એક-એક રાઉન્ડ સંપન્ન થયાનું બિન સત્તાવાર સૂત્રોએ સ્વીકાર્યુ છે.

૨૦૨૨ સુધી મેલેરિયા મુક્ત ગુજરાતનું ગોલ્ડન લક્ષ્ય હતુ પરંતુ મેલેરિયાના કેસો આ વખતે જે રીતે મળવાના શરૂ થયા છે તે જોતાં આ લક્ષ્ય સિદ્ધિ મેળવવામાં તંત્રને તકલીફ પડી શકે એમ છે.

જિલ્લામાં આ વખતો ચોમાસુ હજુ સુધી જોઈએ તેવુ જામ્યુ નથી અને ભેજવાળુ વાતાવરણ મચ્છરોની ઉત્પત્તિ માટે સાનુકૂળ હોવાથી તંત્રએ અત્યારે તો સર્વેલન્સ પર ભાર મુક્યો છે. શહેરમાં હવે ફોગીંગ અને અન્ય એન્ટી લારવેલની કામગીરી હાથ ધરવામાં આવે તેવા નિર્દેશો મળી રહ્યા છે. જો કે હાલ જિલ્લામાં વાહકજન્ય રોગચાળાની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો તંત્રના સૂત્રો કરી રહ્યા છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | Jaquar experience bathing | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

લાંબાત અગરબત્તી ઘર માટે
● ઈબાદત કા ધુપ
● મચ્છર મારને કા ધુપ
● ગુલાબ અગરબત્તી
આયુર્વેદિક હેર ઓઈલ મળશે.
(બિઝનેસ ઓફિસ માટે)
Mo.9913311334

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com